દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨૮ જૂન, ૨૦૨૬

# માતા બનવાનો અર્થ એ નથી કે કોઈ મહિલાની કારકિર્દી અટકી જાય

અત્યારના આધુનિક જમાનામાં માતા બનવાથી શરીરનો ફિગર બગડી જવાની વાતો કરી ભારતમાં અનેક મહિલા માતા બનવાથી ડરે છે એક વર્ગમાં તો સ્થિતિ એવી છે કે માતૃત્વ અને કારકિર્દી વચ્ચે જાણે સ્પર્ધા થાય છે. જો કે, દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારની વાત કરીએ તો અહીં આઠ માસથી વધુનો ગર્ભ ધરાવતી મહિલાઓ લાકડાના ભારા ઉંચકીને જતી જોવા મળે છે અને બાળક અવતર્યા બાદ એક સપ્તાહમાં તો ખેતરના કામમાં લાગી જાય છે. ત્યારે માતૃત્વ બાબતે સ્વીડનના એક મંત્રીએ ખૂબ જ સુંદર સંદેશ આપ્યો છે. સ્વીડનના જળવાયુ મંત્રી રોમિના પોરમોખ્તારી તેમના ત્રણ મહિનાના પુત્ર એડમને લઈને યુરોપિયન યુનિયન (EU) ના જળવાયુ મંત્રીઓની બેઠકમાં પહોંચ્યા. ગુરુવારે લક્ઝમબર્ગમાં યોજાયેલી આ બેઠકનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં રોમિના પોતાના પુત્રને ખોળામાં લઈને મીટિંગમાં ભાગ લેતી અને ભાષણ આપતી જોવા મળી રહી છે. આ દરમિયાન તે બાળકને શાંત પણ કરાવતી રહી, પરંતુ સાથે જ બેઠકમાં પોતાની વાત પણ રજૂ કરતી રહી. આ પછી પોરમોખ્તારીએ એક ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં કહ્યું, મેં જાણી જોઈને આવું કર્યું, જેથી આ સંદેશ આપી શકાય કે મહિલાઓને કારકિર્દી અને પરિવારમાંથી કોઈ એકને પસંદ કરવા માટે મજબૂર ન થવું જોઈએ. માતા બનવાનો અર્થ એ નથી કે કોઈ મહિલાની કારકિર્દી અટકી જાય.

EU કાઉન્સિલના એક અધિકારી અનુસાર, તેમની જાણકારીમાં પહેલીવાર કોઈ EU મંત્રીઓની બેઠકમાં એક બાળક સામેલ થયું છે. સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ સ્વીડનના મંત્રીના આ પગલાની પ્રશંસા કરી છે. લોકોએ તેને કાર્યકારી મહિલાઓ માટે પ્રેરણાદાયક ગણાવ્યું. તેમનું કહેવું છે કે માતા બન્યા પછી પણ મહિલાઓ પરિવાર અને કારકિર્દી બંનેની જવાબદારીઓ એકસાથે નિભાવી શકે છે. બેઠક પહેલા પત્રકારો સાથે વાતચીતમાં રોમિના પોરમોખ્તારીએ કહ્યું કે તેઓ આ જ સંદેશ આપવા માંગે છે કે માતા બન્યા પછી પણ મહિલાઓ સાર્વજનિક જીવન અને નોકરીમાં સક્રિય રહી શકે છે. તેમણે કહ્યું કે યુરોપમાં પરિવારના હિતમાં બનાવવામાં આવેલી નીતિઓ માતા-પિતાને બાળકોની સંભાળ અને કામ વચ્ચે વધુ સારું સંતુલન બનાવવામાં મદદ કરે છે.

રોમિનાએ પોતાના પાર્ટનરનો ઉલ્લેખ કરતા કહ્યું, ‘ફક્ત સરકારની નીતિઓ જ પૂરતી નથી હોતી. આ માટે એવો સાથી પણ હોવો જોઈએ, જે જૂના વિચારોવાળો ન હોય, પરંતુ આધુનિક વિચારસરણી ધરાવતો હોય અને જવાબદારી નિભાવવા તૈયાર હોય.’ તેમણે કહ્યું કે હવે સ્વીડનમાં પિતાનું બાળકની સંભાળ માટે ઘરે રહેવું પહેલા જેટલું અસામાન્ય કે વિવાદાસ્પદ માનવામાં આવતું નથી. આ બદલાવ દેશની પારિવારિક નીતિઓ અને સમાજની બદલાતી વિચારસરણીનું પરિણામ છે.

રોમિના પોરમોખ્તારી 2022માં સાંસદ બન્યા હતા. તે જ વર્ષે તેમને સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા હતા. તે સમયે તેઓ દેશના ઇતિહાસના સૌથી યુવા મંત્રી બન્યા હતા. તાજેતરમાં જ તેઓ પેરેંટલ લીવ પૂરી કરીને કામ પર પાછા ફર્યા છે.

તેમના પતિ હાલમાં સ્વીડનમાં સપ્ટેમ્બરમાં યોજાનારી ચૂંટણી સુધી પેરેંટલ લીવ પર છે. તેઓ પણ લક્ઝમબર્ગ પહોંચ્યા હતા અને બેઠક દરમિયાન એડમની સંભાળ રાખી રહ્યા હતા. પોરમોખ્તારીનું કહેવું છે કે તેમના સહયોગીઓનો ટેકો પણ આને સરળ બનાવે છે.

સ્વીડન એવા દેશોમાં શામેલ છે જ્યાં માતા-પિતાને બાળકોની સંભાળ માટે સૌથી વધુ સુવિધાઓ મળે છે. આ સુવિધાઓનો ખર્ચ સરકાર ઉઠાવે છે અને આ દિવસોમાં આ મુદ્દો ત્યાં ચૂંટણીલક્ષી ચર્ચાનો પણ ભાગ બનેલો છે.

સ્વીડનમાં માતા-પિતાને બાળકના જન્મ પછી લગભગ 16 મહિનાની સવેતન રજા (પેઈડ લીવ) મળે છે. આમાં 90 દિવસ ફક્ત માતા માટે અને 90 દિવસ ફક્ત પિતા માટે નક્કી હોય છે. બાકીના લગભગ 300 દિવસ બંને પોતાની જરૂરિયાત મુજબ આપસમાં વહેંચી શકે છે. આ પહેલા 2010માં

ઇટાલીના યુરોપિયન સાંસદ લિસિયા રોન્ઝુલી પોતાની છ અઠવાડિયાની દીકરી વિક્ટોરિયાને ખોળામાં લઈને યુરોપિયન સંસદની કાર્યવાહીમાં સામેલ થયા હતા. તે દરમિયાન તેમની દીકરી તેમના ખોળામાં જ બેઠી રહી હતી. સપ્ટેમ્બર 2018માં ન્યુઝીલેન્ડના તત્કાલીન વડાપ્રધાન જેસિન્ડા આર્ડર્ન તેમની ત્રણ મહિનાની પુત્રી નેવેને લઈને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) પહોંચ્યા હતા. આવું કરનાર તેઓ વિશ્વના પ્રથમ ચૂંટાયેલા મહિલા વડાપ્રધાન બન્યા હતા. જૂન 2017માં ઓસ્ટ્રેલિયાના સેનેટર લારિસા વોટર્સે સંસદની કાર્યવાહી દરમિયાન તેમની બે મહિનાની પુત્રી આલિયા જોયને સ્તનપાન કરાવતા ભાષણ આપ્યું હતું. તે સમયે ઓસ્ટ્રેલિયાએ તાજેતરમાં સંસદમાં સ્તનપાન કરાવવાની મંજૂરી આપતો નિયમ લાગુ કર્યો હતો. તેમની તસવીરો દુનિયાભરમાં વાયરલ થઈ અને તેમને કાર્યકારી માતાઓ માટે એક મજબૂત સંદેશ માનવામાં આવ્યો હતો.

# ઈરાન યુદ્ધ, યુદ્ધવિરામ અને અમેરિકા-ઇઝરાયેલ ગઠબંધનનો અંત?

**વર્લ્ડ વૉચ**

**ડૉ. જયનારાયણ વ્યાસ**

છેલ્લા ૧૦૦ દિવસ કરતાં વધુ સમયથી ચાલી રહેલા ઈરાન-અમેરિકા સંઘર્ષનો આખરે અંત આવ્યો છે. ઈરાન અને અમેરિકાએ શાંતિકરાર પર હસ્તાક્ષર કરી લીધા છે, પરંતુ આ કરારમાં લેબેનોનમાં પણ યુદ્ધવિરામનો ઉલ્લેખ થવાથી ઈઝરાયલ ખુશ નહોતું.

અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચેનું સૈન્ય ગઠબંધન તાજેતરમાં તેની સર્વોચ્ચ ચરમસીમા પર જોવા મળ્યું હતું. ઈરાન સામેના સંયુક્ત યુદ્ધ દરમિયાન બંને દેશોના ફાઈટર જેટ્સ તેહરાનના આકાશમાં એકસાથે ઊડી રહ્યાં હતાં અને ઇઝરાયેલી સૈન્ય અધિકારીઓ ફ્લોરિડા સ્થિત અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના મુખ્ય મથકે આસન જમાવીને સંયુક્ત વ્યૂહરચના ઘડી રહ્યા હતા. ઇઝરાયેલના સ્થાપક નેતા ડેવિડ બેન-ગુરીયનના સમયથી જ ઇઝરાયેલ વિશ્વની આ સર્વોચ્ચ મહાસત્તાનો આવો મજબૂત ટેકો મેળવવા મથતું હતું. પરંતુ, બહારથી અત્યંત મજબૂત દેખાતું આ ગઠબંધન વાસ્તવમાં પતનના આરે છે. છેલ્લા અડધા દાયકાથી જે રાજકીય, સામાજિક અને વૈચારિક સ્તંભો પર આ ખાસ સંબંધો ટકેલા હતા, તે હવે ધ્વસ્ત થઈ રહ્યા છે.

આ ગઠબંધનના પતનનું મુખ્ય કારણ અમેરિકાના જનમાનસ અને લોકમતમાં આવેલો નાટકીય બદલાવ છે. ઈતિહાસમાં પ્રથમ વખત, અડધાથી પણ ઓછા અમેરિકનો ઇઝરાયેલના સમર્થનને પોતાના દેશના રાષ્ટ્રીય હિતમાં માને છે અને અમેરિકનોમાં પેલેસ્ટાઈન પ્રત્યેની સહાનુભૂતિ અભૂતપૂર્વ રીતે વધી રહી છે. અમેરિકાની નવી, વધુ વૈવિધ્યસભર અને યુવા પેઢી ઇઝરાયેલ તરફી પરંપરાગત રાજનીતિને સંપૂર્ણપણે નકારે છે. ઓક્ટોબર ૨૦૨૩ના હમાસના હુમલા બાદ ઇઝરાયેલ દ્વારા ગાઝામાં કરાયેલા સંપૂર્ણ વિનાશ, નાકેબંધી અને વેસ્ટ બેન્ક પરની હિંસાના સોશ્યલ મીડિયા પર સતત બે વર્ષથી વધુ સમય સુધી ચાલેલા લાઈવ પ્રસારણે અમેરિકામાં એક પ્રચંડ ઇઝરાયેલ વિરોધી વાતાવરણ ઊભું કર્યું છે.

રાજકીય મોરચે પણ સમીકરણો બદલાયાં છે. એક સમયે અમેરિકન સંસદ (કેપિટલ હિલ)માં ઈઝરાયેલ-તરફી મજબૂત લોબિંગ કરનારી સંસ્થાઓ (જેમ કે AIPAC) હવે નબળી પડી છે. ૨૦૧૫માં ઓબામા પ્રશાસનના ઈરાન પરમાણુ કરારનો આક્રમક વિરોધ કરીને આ લોબીએ પોતાની દ્વિપક્ષીય સ્વીકૃતિ ગુમાવી દીધી અને તે ખુલ્લેઆમ રિપબ્લિકન પાર્ટીની એક શાખા તરીકે કામ કરવા લાગી. ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ શાસનકાળે અમેરિકન દૂતાવાસને જેરૂસલેમ ખસેડીને આ ધ્રુવીકરણ વધુ ઊંડું કર્યું, જેણે સામાન્ય ડેમોક્રેટ્સને ઇઝરાયેલથી કાયમ માટે દૂર કર્યા. હવે ૨૦૨૮ની ચૂંટણી માટે અમેરિકાના બંને મુખ્ય પક્ષોમાં ઇઝરાયેલ વિરોધી નવું વલણ આકાર લઈ રહ્યું છે; ડેમોક્રેટ્સ

**બહારથી અત્યંત મજબૂત દેખાતું આ ગઠબંધન વાસ્તવમાં પતનના આરે છે**

ઇઝરાયેલની સૈન્ય સહાય રોકવાની શરતો મૂકી રહ્યા છે, જ્યારે MAGA ગઠબંધનના જમણેરીઓ અમેરિકાના પોતાનાં આર્થિક હિતો ખાતર વિદેશી હસ્તક્ષેપ અને સૈન્ય સહાય ઘટાડવાની હિમાયત કરી રહ્યા છે.

આ બદલાતા પ્રવાહો વચ્ચે, તાજેતરમાં જ અમેરિકા અને ઈરાન વચ્ચે અણધારી રીતે થયેલા ઐતિહાસિક શાંતિકરાર અને યુદ્ધવિરામના સમાચારોએ ઇઝરાયેલને વધુ એકાંતમાં ધકેલી દીધું છે. ઈરાન સામેના યુદ્ધથી અમેરિકાને જે આર્થિક અને રાજદ્વારી નુકસાન વેઠવું પડ્યું, તેનો સીધો દોષ હવે અમેરિકામાં ઇઝરાયેલ અને તેની લોબી પર ઢોળવામાં આવી રહ્યો છે. આ આર્થિક અને વૈશ્વિક દબાણને કારણે જ અમેરિકાએ ઈરાન સાથે શાંતિ દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ, બદલાતી સ્થિતિને જોઈને ખુદ ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ આગામી દાયકામાં અમેરિકી સૈન્ય સહાય પરથી નિર્ભરતા સંપૂર્ણપણે ખતમ કરવાની વાત શરૂ કરી દીધી છે.

પોતાની સત્તા બચાવવા માટે કટ્ટરપંથીઓ સાથે ગઠબંધન કરનારા અને અમેરિકાના સમર્થનને કાયમી માની લેવાની ભૂલ કરનારા નેતન્યાહુ જ્યારે સત્તા પરથી વિદાય લેશે, ત્યારે તેઓ ઇઝરાયેલને ઈતિહાસની સૌથી નબળી, એકલી અને આંતરરાષ્ટ્રીય સ્તરે અસુરક્ષિત સ્થિતિમાં છોડીને જશે. મધ્યપૂર્વના આ ઝડપથી બદલાતાં ભૌગોલિક અને સૈન્ય સમીકરણો તેમજ અમેરિકા-ઈઝરાયેલના નબળા પડતા સંબંધો ભારત જેવા મોટા ઊર્જા આયાતકાર દેશ માટે વ્યૂહાત્મક અને આર્થિક નીતિઓ ઘડવામાં અત્યંત નિર્ણાયક સાબિત થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# શાંતિની આશા સાવ ધૂંધળી ને આગામી દિવસોમાં યુદ્ધ વધુ ભયાવહ બનશે

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં એક નવો અને અત્યંત વિનાશક વળાંક આવ્યો છે. રશિયાની રાજધાની મોસ્કોના હૃદય સમાન ગણાતી કાપોત્ન્યા ઓઈલ રિફાઈનરી પર યુક્રેન દ્વારા એક ભીષણ અને અભૂતપૂર્વ ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાની તીવ્રતા એટલી બધી હતી કે તેને રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત પછી મોસ્કો પર થયેલો અત્યાર સુધીનો સૌથી મોટો એર રેઈડ (હવાઈ હુમલો) માનવામાં આવી રહ્યો છે.સેંકડો આત્મઘાતી ડ્રોન વડે કરાયેલા આ હુમલાએ રશિયાની રાજધાનીની સુરક્ષા વ્યવસ્થા અને તેના ઊર્જા ક્ષેત્રને હચમચાવી દીધું છે.

૧૮ જૂનની રાત્રે જ્યારે મોસ્કો શહેર નિદ્રાધીન હતું ત્યારે અચાનક આકાશ ડ્રોનના અવાજો અને વિસ્ફોટોથી ગૂંજી ઊઠ્યું હતું. યુક્રેન તરફથી એકસાથે સેંકડો ડ્રોન મોસ્કોની એર-સ્પેસમાં પ્રવેશ્યાં હતાં. રશિયન એર ડિફેન્સ સિસ્ટમે ઘણાં ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો હોવા છતાં, અસંખ્ય ડ્રોન પોતાનાં લક્ષ્ય એટલે કે કાપોત્ન્યા ઓઈલ રિફાઈનરી પર ત્રાટકવામાં સફળ રહ્યાં હતાં.

આ કાપોત્ન્યા રિફાઈનરી પર થયેલો કોઈ પહેલો હુમલો નહોતો. આ જ અઠવાડિયામાં આ વ્યૂહાત્મક પ્લાન્ટ પર થયેલો આ બીજો મોટો હુમલો હતો. આ પહેલાં ૧૬ જૂનના રોજ પણ યુક્રેને આ રિફાઈનરીને નિશાન બનાવી હતી. પરંતુ ૧૮ જૂનનો હુમલો એટલો વ્યાપક હતો કે તેણે અગાઉના તમામ હુમલાના રેકોર્ડ તોડી નાખ્યા.

ડ્રોન ત્રાટકતાંની સાથે જ રિફાઈનરીનાં મુખ્ય પ્રોસેસિંગ યુનિટ્સ અને ઓઈલ સ્ટોરેજ ટેન્કોમાં શ્રેણીબદ્ધ પ્રચંડ વિસ્ફોટો થયા હતા. જોતજોતામાં સમગ્ર રિફાઈનરી ભયાનક આગની લપેટમાં આવી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેનાથી નીકળતા કાળા ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ આખા મોસ્કો શહેરમાંથી સ્પષ્ટપણે જોઈ શકાતી હતી.

આ હુમલાની અસર માત્ર રિફાઈનરી પૂરતી સીમિત નહોતી, પરંતુ તેના કારણે સમગ્ર મોસ્કો શહેરમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી.સુરક્ષાનાં કારણોસર અને આકાશમાં ધુમાડાના સામ્રાજ્યને લીધે મોસ્કોના તમામ પ્રમુખ અને મહત્ત્વનાં એરપોર્ટ્સ (જેવા કે વનુકોવો, ડોમોડેડોવો અને શેરેમેત્યેવો) પરથી તમામ ફ્લાઈટ્સની અવરજવર તાત્કાલિક ધોરણે રોકી દેવી પડી હતી. સેંકડો ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી અથવા રદ કરાઈ હતી.

રિફાઈનરીની આસપાસના વિસ્તારો અને મોસ્કોને જોડતા મુખ્ય હાઈ વે સુરક્ષા અને બચાવ કામગીરી માટે તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યા હતા, જેના કારણે સવારના સમયે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સત્તાવાર રીતે આ હુમલાની પુષ્ટિ

**ડ્રોન ત્રાટકતાંની સાથે જ રિફાઈનરીનાં મુખ્ય પ્રોસેસિંગ યુનિટ્સ અને ઓઈલ સ્ટોરેજ ટેન્કોમાં શ્રેણીબદ્ધ પ્રચંડ વિસ્ફોટો થયા હતા**

કરી છે અને તેને યુક્રેનની સેનાની મોટી સફળતા ગણાવી છે. તેમણે રશિયાને કડક શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, રશિયા દ્વારા યુક્રેનનાં નિર્દોષ શહેરો, નાગરિકો અને પાવર ગ્રીડ પર સતત જે અમાનુષી હુમલાઓ કરવામાં આવી રહ્યા છે, આ હુમલો તેનો જ એક વળતો અને યોગ્ય જવાબ છે. રશિયાએ સમજવું પડશે કે જો તેઓ અમારાં ઘરોનો નાશ કરશે, તો તેમની રાજધાની પણ સુરક્ષિત નહીં રહે.

ઝેલેન્સ્કીના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે યુક્રેન હવે રશિયાના આર્થિક અને લશ્કરી માળખાને સીધું નિશાન બનાવવાની નવી વ્યૂહરચના પર કામ કરી રહ્યું છે. કાપોત્ન્યા ઓઈલ રિફાઈનરી મોસ્કોની જીવાદોરી સમાન છે. આ રિફાઈનરી રશિયન ઓઈલ જાયન્ટ ‘ગાઝપ્રોમ નેફ્ટ’ દ્વારા સંચાલિત થાય છે.આ રિફાઈનરી મોસ્કો શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં વપરાતાં પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ફ્યુઅલનો લગભગ ૪૦% થી વધુ હિસ્સો પૂરો પાડે છે.

રશિયન સેનાનાં વાહનો અને વિમાનોને મળતાં ઈંધણનો મોટો સ્રોત આ જ રિફાઈનરી છે. આથી આ પ્લાન્ટ પર થયેલો હુમલો રશિયાની યુદ્ધ લડવાની ક્ષમતા પર સીધો પ્રહાર છે. આ ભીષણ હુમલાની અસરો આગામી દિવસોમાં વૈશ્વિક સ્તરે જોવા મળી શકે છે.

રશિયા વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદક દેશોમાંનો એક છે. તેની રાજધાનીની મુખ્ય રિફાઈનરી ઠપ્પ થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવવાની સંભાવના વધી ગઈ છે.

નિષ્ણાતોના મતે, મોસ્કો પર થયેલા આ અત્યાર સુધીના સૌથી મોટા એર રેઈડ બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આગામી દિવસોમાં યુક્રેન પર વધુ ઘાતક મિસાઈલ હુમલાઓ કરીને આનો બદલો લેવાનો પ્રયાસ કરશે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ૭૦/૮૦ના દાયકાનો સરકારી શાળાનો પ્રવેશોત્સવ

સલાબતપુરા પોલીસ સ્ટેશન પાછળ આવેલી સરકારી શાળા નં.૫૦ પહેલા ૭૦/૮૦ ના દાયકામાં નં. ૩૯/૪૦ તરીકે ઓળખાતી હતી. ધો ૧ માં પ્રવેશ લાયક થાય એટલે મા બાપા સરકારી શાળામાં દાખલો કરાવી લેતા. બે માળની શાળા માં તમામ કલાસ ફુલ રહેતા.આ વિસ્તારના મોટા ભાગ ના બાળકોએ પ્રાથમિક શિક્ષણ આ શાળામાં લીધું હશે. સવાર અને બપોર ની એમ બે પાળી ચાલતી ભાર વગરનું ભણતર હતું. તે સમયે ચોપડા માટે ના દફતર ક્યાં હતા? વાયરની થેલી માં ચોપડા લઈ ભણવા જતા. વોટરબેગ ક્યાં હતી.? ટાંકી નું પાણી પીવાતું. તે સમયે કોઈ બીમારીનો ડર હતો નહિ. નાસ્તા બોક્ષ હતા નહિ. નાસ્તામાં ફળ,બિસ્કિટ વિ.શાળા પાસે મળતા તે ખાઈ લેતા. પરીક્ષા નું કઈ ભારણ નહિ.રમતા રમતા ધોરણ સાત નો અભ્યાસ પુરો થઈ જતો. આ શાળા ના વિદ્યાર્થીઓ ડોકટર,વકીલ,આર્કિટેક બન્યા છે. જ્યારે મોટા ભાગના વિદ્યાર્થીઓ વેપાર અને કાપડ ઉદ્યોગમાં આગળ વધ્યા.પહેલા શિક્ષણમાં સ્પર્ધાત્મક વાતાવરણ હતું નહીં એટલે શિક્ષણ શ્રેષ્ઠ હતું.!

**સુરત - કિરીટ મેઘાવાલા**

### ધર્મસ્થાનો પર ગુનાખોરીનો પડછાયો

ગુનેગરોને હવે કાયદાનો ડર તો રહ્યો જ નથી જેને પરિણામે ચોરી , બળાત્કાર , લૂંટફાટ , લાંચ રુશવત, મારામારી , ખૂન વગેરેના સમાચાર દૈનિક અખબારમાં રોજેરોજ વાંચવા મળે છે. હવે લોકોએ ભગવાનથી પણ ડરવાનું છોડી દીધું હોય એવું લાગી રહ્યું છે. તાજેતરમાં અયોધ્યામાં રામ મંદિરમાં થયેલી ચોરીના સમાચારથી ભક્તોને ભયંકર આંચકો લાગ્યો છે. સીસીટીવી ફૂટેજ પણ ડીલીટ થઈ ગયા એના પરથી એવું સ્પષ્ટ થાય છે કે મંદિરના જાણભેદુ જ એમાં સામેલ હોવા જોઈએ. આપણા દેશમાં લોકો શાળા , કોલેજ , હોસ્પિટલમાં દાન આપવા કરતા ભગવાનને રાજી રાખવામાં વધારે માને છે. મંદિરોની અઢળક આવક ક્યાં પગ કરી જાય છે તેનાથી લોકો બેખબર હોય છે. સાચી વાત તો એ છે કે ભગવાન ક્યારેય ભક્તોને પૈસા ચઢાવવાનું તો કહેતો જ નથી , ભગવાનને એની જરૂર પણ નથી. મંદિરમાં ભગવાનના ચરણે આભૂષણો , સોના , ચાંદી વગેરે અર્પણ કરવામાં આવે છે જેની ભગવાનને બિલકુલ જ આવશ્યકતા નથી. મંદિર સાથે નજીકથી સંકળાયેલાઓની આર્થિક સ્થિતિ એટલી બધી સદ્ધર થઈ જાય છે કે તેમની તપાસ સૌથી પહેલાં કરવી જોઈએ. જે મંદિરોમાં અઢળક આવક થતી હોય ત્યાં તો સુરક્ષા ગાર્ડની પણ વ્યવસ્થા હોય છે આમ છતાં ચોરી થતી હોય એ નવાઈની વાત છે. મંદિરોમાં જેમના દ્વારા લૂંટફાટ કરવામાં આવે છે તેમણે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે એઓ લાખો લોકોની આસ્થા સાથે રમત રમી રહ્યા છે. સમાજમાં જેમ જેમ નૈતિક મૂલ્યોનું અધ:પતન થતું જશે તેમ તેમ આવા બનાવો વધતા જ જશે. ભક્તોની ધાર્મિક લાગણી દુભાવીને લોકો મંદિરોમાં છડેચોક ચોરી કે લૂંટફાટ કરતા અચકાતા નથી. કોઈ પણ સમાજ માટે મંદિરોમાં થતી ચોરી એ ખૂબ મોટો ચિંતાનો વિષય છે. ભક્તોની આસ્થા લૂંટાઈ રહી છે જેને પરિણામે મંદિરો પણ હવે સુરક્ષિત નથી. સામાન્ય પ્રજા પૂછી રહી છે કે ભક્તોના શ્રદ્ધાના સ્થળો પર લૂંટફાટ થઈ રહી છે તે માટે જવાબદારી કોની ? મંદિરમાં વધતી જતી ચોરી એ કોઈ પણ સમાજ માટે ચિંતાનો વિષય છે. ધર્મસ્થાનો પર ગુનાખોરીનો પડછાયો પડે એ ભક્તોની આસ્થા સામેનો અપરાધ છે. ઘટતી જતી નૈતિકતાને પરિણામે આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ બનતી જ રહેવાની છે એવું લાગે છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### બાલ્ય ક્રિકેટર વૈભવ સૂર્યવંશી અને બોન ડેન્સીટી ટેસ્ટ!

ભારતીય બાલ્ય ક્રિકેટર વૈભવ સૂર્યવંશીનો જન્મ 27 માર્ચ 2011ના રોજ થયો છે. એટલે 24 જૂન 2026 મુજબ તેમની ઉંમર 15 વર્ષ 3 મહિના છે. યુવા રમતવીરોમાં બોન ડેન્સીટી ટેસ્ટ સામાન્ય રીતે જરૂરી નથી, સિવાય કે વારંવાર સ્ટ્રેસ ફ્રેક્ચર થતું હોય તો ડોક્ટરની સલાહથી! બોન ડેન્સીટી ટેસ્ટ DXA સ્કેનથી હાડકાની મજબૂતી માપે છે. આમાં ઓછા X-ray વડે હિપ અને કરોડરજ્જુનું સ્કેન થાય છે. રિપોર્ટમાં T-Score આવે. T-Score +1 થી -1 હોય તો હાડકા Normal, -1 થી -2.5 હોય તો Osteopenia એટલે હાડકા નબળા પડવાની શરૂઆત, અને -2.5થી ઓછો હોય તો Osteoporosis કહેવાય.65+ મહિલા, 70+ પુરુષ, મેનોપોઝ પછીની મહિલા, સ્ટેરોઈડ લેનારા અને વગર કારણે ફ્રેક્ચર થનારાએ ટેસ્ટ કરાવવો જરૂરી છે.હાડકા મજબૂત રાખવા કેલ્શિયમ-વિટામિન D વાળો આહાર, ચાલવું-દોડવું જેવી કસરત અને સૂર્યપ્રકાશ જરૂરી છે. ધૂમ્રપાન અને વધુ દારૂ ટાળો!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

### એવોર્ડ અને ગર્વ

એક શબ્દ છે “વાગોળવુ”. આવી જ ક્રિયા વિવિધ કટીંગ કરીને રાખેલ ચર્ચાપત્ર વાંચતા બન્યુ. નાટક એ પણ મહત્વ નુ કલાક્ષેત્રનુ અંગ છે. સમાજ નુ ચિત્ર હોય કે ઘડતર તેના માટે તેનો ફાળો હોય છે. જેમ કે ચલચિત્ર જગત માં હવે સેના વિશે “ઊરી કે પછી હોલી ડે” જેવા પિક્ચર આવતા થયા છે. પરંતુ આપણા ગુજરાતીઓ માં તો આ વિચાર 50 - 60 વર્ષો થી છે. એક નાટક 1971 ના પાકિસ્તાન સામેના યુધ્ધ વિશે હતુ જેમાં આપણી ભારતીય સેના નો એક સૈનિક યુધ્ધ કેદી હોય છે. એની પાસે થી નૌસેના ના જહાજ INS વિક્રાંત નુ લોકેશન જાણવા પાકિસ્તાની સૈન્ય એક ચતુરાઈ પૂર્વક ની યોજના રમે છે. આ વિષય પરનુ “ચોવીસ કલાક બાવન મિનિટ” નામનુ નાટક બનેલ, જે દર્શાવે છે કે ગુજરાતીઓ સંરક્ષણ ક્ષેત્રે સક્રિય તો છે જ. વીટી ચોક્સી ના કસલીવાલા સાહેબ જેમણે મને એક એક્ષ સર્વિસ મેન તરીકે નાટક જોવા પાસ આપેલ, પરંતુ તેઓશ્રી વિશે હાલ તો કોઈ જાણકારી નથી. પરંતુ અપ-ડાઉન માં મળેલા ભાઈશ્રી નરેશ કાપડીયા જો આ વાંચે તો નાટ્યક્ષેત્રે પ્રકાશ પાડે. ચર્ચાપત્ર લખવાનુ કારણ ઉપર જણાવ્યુ તેમ, લગભગ 16 જૂન (કદાચ ગુરુવાર) ના શ્રી કશ્યપ મહેતા ના, કપિલદેવ શુક્લ ને રાષ્ટ્રીય સ્તરે મળેલ સિધ્ધિ ને સામાજીક, શૈક્ષણિક કે સાંસ્કૃતિક સંગઠનો દ્વારા કવરેજ આપવા માં આવે જેથી કરી નવી પેઢી ને નાટ્યક્ષેત્રે રૂચિ જાગે. લખવુ ઉચિત તો ના ગણાય પણ મનુષ્ય ના યોગક્ષેમ (આજીવિકા) માટે નુ પણ આ એક સાધન બની શકે છે. અસ્તુ.

**સુરત - ચેતન સુશીલ જોષી**



## મારાં આદરણીય સાસુમા અવન્તિકાબહેન રેશમવાળાને સ્મરણાંજલિ

***‘ગુજરાતમિત્ર’ના સંવર્ધક તંત્રી સ્વ. પ્રવીણકાંત રેશમવાળાનાં જીવનસંગીની અને ‘ગુજરાતમિત્ર’ના મોભી એવાં અવંતિકાબહેન રેશમવાળાની આજે 26મી પુણ્યતિથિ છે. અવંતિકાબહેનના વ્યક્તિત્વ વિશે તો ઘણાં મહાનુભાવોએ સ્વાનુભવ લખ્યા છે પરંતુ તેમની અત્યંત નિકટનાં એવાં તેમનાં પુત્રવધૂ કેતકીબહેન રેશમવાળાએ આજે તેમનાં સ્નેહસ્મરણો અને હૃદયની સાચી લાગણીઓને અહીં શબ્દદેહે રજૂ કરી એમને ભાવાંજલિ આપી છે.***

અવન્તિકાબહેન એટલે એક એવું બહુઆયામી વ્યક્તિત્વ, જેમણે જીવનના દરેક સંબંધને અદભુત ગરિમા અને સહજતાથી નિભાવ્યા. પત્ની, માતા, બહેન, ભાભી, નણંદ, મિત્ર, દાદી... આ દરેક ભૂમિકામાં તેઓ ખરાં ઊતર્યાં પણ આ બધામાંય એક ‘સાસુ’ તરીકેની તેમની ભૂમિકા સૌથી અનોખી અને મોખરે રહી!

કહેવા ખાતર તો કોઈ પણ કહી શકે કે–એમાં વળી નવું શું છે? દરેક સ્ત્રીએ જીવનમાં આ બધા સંબંધોમાંથી પસાર થવું જ પડે છે ને! પણ સાચી વાત એ છે કે તેમણે આ બધી જ જવાબદારીઓ એટલી સરળતા, કુશળતા, આત્મવિશ્વાસ અને અપાર કરુણાથી નિભાવી કે તેમના એ ઉમદા ચરિત્રને સમજવા માટે તમારે તેમને અનુભવવાં પડે, તેમની નિકટ રહેવું પડે.

અગાઉ પણ આ પાનાંઓ પર મેં બે-ત્રણ પ્રસંગોએ તેમના વ્યક્તિત્વ વિશેના ઘણાં જુદા જુદા પાસાઓ વિશે લખ્યું છે. આજે વર્ષો વહી ગયાં છે અને સમયના વહેણ સાથે એક વહુમાંથી આજે હું પોતે પણ એક સાસુ બની ચૂકી છું. જીવનના આ વળાંક પર ઊભા રહીને મને ખાસ કરીને એક ‘સાસુ’ તરીકેના તેમના માતૃત્વભર્યા સાસુત્વને સ્મરવાનું મન થાય છે કારણ કે સમાજમાં અને ‘ગુજરાતમિત્ર’ અખબારના પરિવારમાં તેમના પ્રદાન વિશે તો ઘણું બધું કહેવાઈ અને લખાઈ ચૂક્યું છે.

હું ખરેખર બહુ નસીબદાર હતી કે મને સાસુ મળ્યાં એનાથી વધુ એક મા મળ્યાં. આજે જીવનના આ તબક્કે હું તેમની એ ઊંડી સમજણ, તેમના નિર્ણયો, દૃષ્ટિકોણ અને તેમના અભિગમને પહેલાં કરતાં પણ વધુ સારી રીતે સમજી શકું છું. અમારી વચ્ચેનો સંબંધ કંઈ રાતોરાત નહોતો બંધાયો; એ તો ધીમે ધીમે પણ ખૂબ મક્કમતાથી પાંગર્યો હતો. શરૂઆતમાં મારી તરફથી એક અજાણ્યો સંકોચ અને ખંચકાટ હતો, તો સામે પક્ષે તેમના તરફથી એક વહાલભરી સમજણ અને સભાનતાપૂર્વકનો સ્નેહ હતો. સમય જતાં અમારો આ સંબંધ એક અત્યંત ગાઢ પાકા મિત્ર અને માતા-પુત્રી જેવા હેતમાં બદલાઈ ગયો. પાછલાં વર્ષોમાં તો લોકો અમારા આ અનોખા સંબંધનાં ઉદાહરણો આપતાં, પ્રશંસા કરતાં અને વહુ-સાસુની આવી કેમિસ્ટ્રી જોઈને આશ્ચર્ય પામતાં! અમે બંને સદાય સાથે જ જોવા મળીએ–પછી ભલે એ વિન્ડો શોપિંગ હોય, શાકભાજી-કરિયાણાની ખરીદી હોય, સગાં-સંબંધીઓને ત્યાં જવાનું હોય કે પછી મારાં બાળકોની સ્કૂલે ટીચર્સને મળવા જવાનું હોય... અમે બધે જ સાથે હોઈએ!

અમારા આ પ્રેમાળ સંબંધો ખીલતાં પાંચથી સાત વર્ષનો સમય લાગ્યો હતો. હું તો બેંગલોરથી નવી નવી પરણીને સાવ જ જુદા કલ્ચરમાંથી આવેલી અને ગુજરાતી બોલતાં પણ પાંખું આવડતું, વહુ તરીકે શરૂઆતમાં વૈચારિક મતભેદો કે પરસ્પર તાલમેળ બેસાડવાની મથામણો (teething troubles) અમે પણ અનુભવી હતી પરંતુ સમય જતાં ધીમે ધીમે અમે અમારા સંબંધને મૈત્રીપૂર્ણ અને સુંદર બનાવી શક્યાં. આ પાછળ કદાચ ત્રણ મુખ્ય કારણો જવાબદાર હતાં.

પહેલું કારણ એ કે મારી સગાઈ થઈ ત્યારે મારા એક કાકાએ મારી કુંડળી જોઈને ભવિષ્યવાણી કરેલી કે, “તને બહુ જ માયાળુ અને સારા સ્વભાવનાં સાસુ મળવાનાં છે અને તારી તેમની સાથે બહુ જ જામશે.” કોઈ પણ નવા અને અજાણ્યા સંબંધમાં પગ મૂકતા પહેલાં મળેલી આ એક જ હકારાત્મક ટકોર (positive angle) મારા મનમાં ઘર કરી ગઈ. આવી સકારાત્મક માનસિકતા તમારા પોતાના અભિગમમાં કેટલો મોટો બદલાવ લાવી શકે છે, તેનો આ પુરાવો છે.

બીજું કારણ એ હતું કે જ્યારે કોઈ દીકરી માટે પિયરનો આધાર કે મા-બાપની નિકટતા તત્કાલ ઉપલબ્ધ ન હોય ત્યારે તેણે મનથી સ્વીકારી જ લેવું પડે છે કે હવે આ નવું ઘર એ જ તેનું સર્વસ્વ છે અને તેણે અહીં જ ગોઠવાવાનું છે. મારા કિસ્સામાં આ પરિસ્થિતિ આશીર્વાદરૂપ સાબિત થઈ. લગ્ન પછી તરત જ મારા પપ્પાની ટ્રાન્સફરેબલ જોબ હોવાને કારણે મારાં પપ્પા-મમ્મીએ બહુ દૂરના અંતરિયાળ વિસ્તારોમાં રહેવા જવું પડતું. એ જમાનો આજ જેવો નહોતો. નહોતો મોબાઇલ કે નહોતી તરત સંવાદની કોઈ સુવિધા. લેન્ડલાઈનથી વાત કરવા માટે પણ ‘ટ્રંક કોલ’ બુક કરાવીને એક ૩-મિનિટની વાત માટે ૮ થી ૧૦ કલાકની લાંબી રાહ જોવી પડતી! લાંબી સુખ-દુ:ખની વાતો તો માત્ર કાગળ પર જ થતી, જેના જવાબ આવતા ૧૫-૨૦ દિવસ નીકળી જતા. હું સુરત શહેર માટે તદ્દન અજાણી હતી. અહીં મારા કોઈ મિત્ર નહોતા. મને સરખું ગુજરાતી બોલતાં પણ નહોતું આવડતું, તો વાંચવા-લખવાની તો વાત જ ક્યાં કરવી!

આવા સમયે ત્રીજું અને સૌથી મહત્ત્વનું કારણ બન્યાં મમ્મી (અવન્તિકાબહેન).તેઓ એટલાં સમજુ, દયાળુ અને હૂંફાળા સ્વભાવનાં વ્યક્તિ હતાં કે તેમણે મને પોતાની પાંખમાં લીધી. જ્યારે મને એક પ્રેમાળ ખભાની અને સાથની સૌથી વધુ જરૂર હતી ત્યારે તેઓ મારા માર્ગદર્શક અને મિત્ર બન્યાં. દિવસો જતાં અમે એકબીજાની ખૂબ નજીક આવ્યાં પણ પપ્પા, એટલે પ્રવીણભાઈ રેશમવાળાનું અચાનક અવસાન થયું.‘ગુજરાતમિત્ર’ અને કુટુંબનો તો બહુ મોટો આધારસ્તંભ છીનવાઈ ગયો પણ પપ્પાના જવાથી મમ્મીના જીવનની ધરી જ ભાંગી પડી, જેની આસપાસ તેમનું આખું અસ્તિત્વ ફરતું હતું. માત્ર ૫૭ વર્ષની ઉંમરે તેમના જીવનમાં એક અસહ્ય શૂન્યાવકાશ સર્જાયો. આ તબક્કે હવે મારો વારો હતો તેમની પડખે ઊભા રહેવાનો અને એ કપરા સમયે મેં તેમની જરૂરિયાત સમજીને તેમને સાન્નિધ્ય આપ્યું, તેમનો સાથ નિભાવ્યો જેથી તેઓ આ આઘાતમાંથી બહાર આવી શકે. પછી અમારો આ સ્નેહસંબંધ વજ્ર જેવો મજબૂત બની ગયો. અરસપરસના ટેકાએ અમારા બંધનને એટલું અતૂટ બનાવી દીધું કે જીવનનાં અંતિમ વર્ષો સુધી અમે એક એવો અદભુત અને અનોખો નાતો માણ્યો, જેની કદાચ મારી પોતાની મમ્મી કે મારા પતિ ભરત (જેઓ પોતે તેમનાં મમ્મીની ખૂબ જ નજીક હતા) પણ ક્યારેક છૂપી ઈર્ષ્યા કરી બેસતા હશે.

મારા જીવનની પ્રત્યેક નાની-મોટી બાબતમાં મમ્મી મારી પડખે ઊભાં રહ્યાં. બાળકોના ઉછેરમાં મદદ કરવાથી માંડીને મને ગુજરાતી ભાષા શીખવાડવા માટે તેમણે જ મને પ્રોત્સાહિત કરી. બાળકોના ટ્યુશન ટીચર પાસેથી જ મેં ગુજરાતી લખતાં-વાંચતાં શીખવાનું શરૂ કર્યું, જેથી હું મારા પતિ ભરતના કામકાજમાં પણ મદદરૂપ થઈ શકું.

તેઓ પોતે ખૂબ જ મિલનસાર અને સામાજિક જીવ હતા. તેઓ સામાજિક કાર્યો કરવામાં ઘણાં આગળ પડતાં હતાં અને સુરતના સોશિયલ સર્કલમાં એક આદરણીય વ્યક્તિ તરીકે તેમની ગણના થતી હતી. તેમણે જ મને સુરતના અનેક લોકો સાથે પરિચિત કરાવી, ગુજરાતી અને ખાસ કરીને સુરતી સંસ્કૃતિ, રહેણીકરણી, ખાનપાનની રીતભાતો તેમ જ કલ્ચર પ્રત્યે મને ટ્રેન કરી. પ્રતિષ્ઠિત ‘ગુજરાતમિત્ર’ અખબારના મોભીઓ વચ્ચે ગરિમા સાથે ભરતની પડખે એક સક્ષમ સ્ત્રી તરીકે કેવી રીતે ઊભા રહેવું, તેનું ઘડતર અને તાલીમ મમ્મીએ જ મને આપ્યાં. મારી પાસે તેમના પ્રત્યે કૃતજ્ઞ થવા માટે અગણિત કારણો છે. અમારો આખો પરિવાર–ભરત, મારા દીકરાઓ રુચિર અને મિલિંદ, તેમ જ હું–અમે સૌએ તેમની સાથે વિતાવેલી એ સોનેરી ક્ષણો અને યાદો આજે પણ અમારા હૃદયમાં સચવાયેલી છે.

**■ કેતકી ભરત રેશમવાળા**